# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

અષાઢ સુદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૮ ● તારીખઃ ૨૭.૦૭.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


### આજનો સુવિચાર

હોંશીયાર બનવા કરતા સમજદાર બનવું, કારણ કે હોંશીયાર રસ્તા પરનાં કાંટાથી બચીને ચાલશે જ્યારે સમજદાર રસ્તા પરનાં કાંટા વીણી લેશે!

# ‘Gen-Z એટલે રાષ્ટ્રપ્રથમ!’: વડાપ્રધાન મોદીનો યુવાનો સાથે સીધો સંવાદ





## સરહદી ગામડાઓના વિકાસ માટે નવો જોશઃ ‘માય ભારત’ના યુવાનોએ ‘વિકસિત ભારત’ના વિઝનને પૂર્ણ કરવા આપ્યું દ્રઢ વચન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ‘ડેવલપિંગ વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ ૨૦૨૬’ના સહભાગીઓ સાથે અત્યંત ઉત્સાહસભર માહોલમાં સીધો સંવાદ સાધ્યો હતો. દેશભરના Gen-Z યુવાનોને સંબોધતા પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં ‘સામૂહિકતા’ અને સહયોગની સદીઓ જૂની પરંપરા રહી છે. તેમણે આ પ્રસંગે ‘માય ભારત’ પ્લેટફોર્મની પ્રશંસા કરતાં કહ્યું હતું કે દેશના લાખો યુવાનો આજે વર્ચ્યુઅલ દુનિયાની બહાર નીકળીને જમીની વાસ્તવિકતા અને ભારતની આત્મા સમા ગામડાઓને નજીકથી સમજવાનો પ્રશંસનીય પ્રયાસ કરી રહ્યા છે. આ સંવાદ દરમિયાન Gen-Z પ્રતિનિધિ દિવ્યાંશુ જોશીએ વડાપ્રધાનને ખાતરી આપતા નવી પેઢી માટે 'Gen-Z'ની એક નવી જ રાષ્ટ્રવાદી વ્યાખ્યા રજૂ કરી હતી. તેમણે કહ્યું કે યુવાનો માટે Gen-Z નો અર્થ ’રાષ્ટ્ર પ્રથમ’ , ચારિત્ર્ય નિર્માણ,


અનુ પાના નં.૨ પર


### ’નંદન નીલેકાણીની આગેવાનીમાં બનશે હાઈપાવર ટાસ્ક ફોર્સ’, પરીક્ષા સુધારા પર વડાપ્રધાનની મોટી જાહેરાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નીટ પેપર લીક બાદ પરીક્ષા પદ્ધતિમાં સુધારા લાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે જાહેરાત કરી છે કે, વિશ્વપ્રસિદ્ધ ટેકનોલોજી નિષ્ણાત નંદન નીલેકાણીની આગેવાનીમાં એક હાઈ-પાવર ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે. વડાપ્રધાને ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, ’વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ભારત સરકાર સતત અનેક મહત્વપૂર્ણ પગલાં ભરી રહી છે. જે લોકોએ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખિલવાડ કર્યો છે, તેઓ જેલમાં સડી રહ્યા છે. અમે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવી ચૂક્યા છીએ, અને સંસદમાં કડક જોગવાઈઓ સાથે નવો કાયદો બનાવવાની દિશામાં પણ આગળ વધી રહ્યા છીએ.’ પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, ’આપણે ભવિષ્ય વિશે વિચારવું પડશે. આપણી પરીક્ષા પદ્ધતિ વિશ્વસનિય, પારદર્શી અને એડવાન્સ ટેકનોલોજીથી સજ્જ હોવી જોઈએ. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, અમે વિશ્વપ્રસિદ્ધ ટેકનોલોજી એક્સપર્ટ નંદન નીલેકાણીના નેતૃત્વમાં એક હાઈ-પાવર ટાસ્ક ફોર્સ ગઠિત કરવાનો નિર્ણય લીધો છે.’ વડાપ્રધાને જણાવ્યું હતું કે, આ ટાસ્ક ફોર્સ પરીક્ષા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે,

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી મુશ્કેલીમાં ફસાઇ ‘આપ’ શું પંજાબ સરકારના ૨ મંત્રી ખુરશી છોડશે?

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં દેશભરમાં વિદ્યાર્થીઓએ કરેલા આંદોલન પછી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામાં પછી હવે પંજાબમાં પણ પેપર લીકનો મુદ્દે ગરમાયો છે. કોંગ્રેસ, ભાજપ અને શિરોમણી અકાળી દળે ભગવંત માન સરકારને ઘેરતાં શિક્ષણ મંત્રી હરજોત સિંહ બૈંસ અને સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિંહના રાજીનામાંની માંગ કરી છે.

વિપક્ષનું કહેવું છે કે જ્યારે કેન્દ્રમાં પેપર લીકને લઈ શિક્ષણ મંત્રીની જવાબદેહિતા નક્કી થઇ શકે છે, તો પંજાબમાં પરીક્ષામાં ગડબડીઓ પર કાર્યવાહી કેમ નથી થઈ રહી? ૨૦૨૭માં પંજાબમાં



વિધાનસભા ચૂંટણી યોજાશે તે પહેલાં આ મુદ્દો આમ આદમી પાર્ટી માટે નવો રાજનૈતિક પડકાર બની શકે છે. પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વોરિંગે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને યુવાના સંઘર્ષની જીત ગણાવી. તેમણે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને શિક્ષણ મંત્રી હરજોત સિંહ બૈંસનાં રાજીનામાંની પણ માંગ કરી. અમરિંદર સિંહે ફાર્મસી ભરતી, ૧૨માનું અંગ્રેજી પેપર, ગ્રુપ-બી, નાયબ મામલતદાર, કૃષિ અધિકારી અને ફાર્માસિસ્ટની ભરતી પરીક્ષાઓ અંગે પેપર લીક થયાના આરોપો લગાવ્યા. ભાજપના નેતા મનજિંદર સિંહ સિરસાએ પંજાબના શિક્ષણ મંત્રીના રાજીનામાંની


અનુ પાના નં.૨ પર


# શિયા-યુક્રેન યુદ્ધમાં ફરી કોમર્શિયલ જહાજ પર હુમલો, બે ભારતીય નાવિક લાપતા

**સમય સંદેશઃ ડેસ્ક**

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે કાળા સમુદ્રમાં વ્યાપારી જહાજો પર હુમલાઓ સતત ચાલુ છે. યુક્રેનના મુખ્ય બંદર શહેર ઓડેસામાં શનિવારે (૨૫ જુલાઈ) ના અન્ય એક વેપારી જહાજ 'MV AGN Ragnar' પર હુમલો કરવામાં આવ્યો હતો.

આ જહાજમાં ચાર ભારતીય નાગરિકો (નાવિક) સવાર હતા. કિવ સ્થિત ભારતીય દૂતાવાસે રવિવારે એક નિવેદન જારી કરીને પુષ્ટિ કરી છે કે ચાર ભારતીય નાગરિકોમાંથી બે સુરક્ષિત છે, જ્યારે બાકીના બે ગુમ થયેલા ભારતીય ક્રૂ સભ્યોની શોધ ચાલુ છે.

યુક્રેનમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, ‘‘૨૫ જુલાઈના ઓડેસા બંદર પર વેપારી જહાજ એમવી એજીએન રાગનર પર થયેલા હુમલા બાદ ભારતીય દૂતાવાસે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યુ છે. જહાજ પર ચાર ભારતીય નાગરિકો હતા. નવીનતમ માહિતી અનુસાર બે ભારતીયો સુરક્ષિત છે અને અન્ય બે વિશે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. સર્ચ અને બચાવ કામગીરી ચાલી રહી છે, અને દૂતાવાસે સ્થાનિક અધિકારીઓ સાથે સંપર્ક કર્યો છે.‘‘ આ ઘટના ખાસ કરીને ચિંતાજનક છે કારણ કે થોડા દિવસો પહેલા ૧૯ જુલાઈના ઓડેસા બંદરથી રવાના થતી કાર્ગો જહાજ એમવી ગોલ્ડન લીઓ પર થયેલા હુમલામાં ચાર ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. તે ઘટના બાદ ભારતે સખત વાંધો ઉઠાવ્યો અને એક વરિષ્ઠ રશિયન રાજદ્વારીને સમન્સ પાઠવ્યું.

કાળો સમુદ્રમાં જહાજો પર વારંવાર થઇ રહેલા હુમલાઓમાં ઓછામાં ઓછા પાંચ ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભારતના વિદેશ મંત્રાલયે આ ક્ષેત્રમાં કાર્યરત તમામ ભારતીય નાવિકો અને વેપારી નૌકાદળના કર્મચારીઓ માટે વિગતવાર સુરક્ષા


અનુ પાના નં.૨ પર


## જામનગરમાં સીટી બી ડિવિઝન પોલીસનો મોટો દરોડો વાહનચોરીના ૬ જેટલાં બનાવોનો ભેદ ઉકેલાયો, ૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં બનતા વાહન ચોરી અને ઘરફોડ ચોરીના બનાવો અટકાવવા તથા અણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે રાજકોટ વિભાગના ડીઆઈજી નિર્લિપ્ત રાય, જામનગર એસપી ડો. રવિ મોહન સૈની અને ઇન્ચાર્જ એએસપી પ્રતિભાની સૂચનાથી પોલીસ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ.ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ ડી.જી.રાજ તથા તેમની ટીમ કાર્યરત હતી. આ દરમિયાન સ્ટાફના સાજીદભાઈ બેલીમ, ધર્મેન્દ્રસિંહ વઢેર અને જયપાલસિંહ જાડેજાને ખાનગી બાતમી મળી હતી કે ગુલાબનગર ભાનુ પેટ્રોલ પંપ પાસેથી ચોરી થયેલી એક્સેસ મોટરસાઈકલ સાથે ત્રણ ઈસમો સ્મશાન ચોકરી પાસે ફરી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે સ્મશાન ચોકડી નજીક વોચ ગોઠવીને શંકાસ્પદ મોટરસાઈકલ સાથે નીકળેલા ત્રણ ઈસમોને રોકીને પૂછપરછ કરી હતી. જેમાં એક ૧૯ વર્ષીય યુવક અલ્તમસ ઉર્ફે મસ્તાન રફીકભાઈ સમા (રહે. કાલાવાડ નાકા બહાર, જામનગર) તથા અન્ય બે કાયદાના સંઘર્ષમાં આવેલ બાલકિશોરો ઝડપાઈ ગયા હતા. વાહન પર નંબર પ્લેટ ન હોવાથી પોલીસે ચેસીસ અને એન્જિન નંબરના આધારે ’ઈ-ગુજકોપ’ પોર્ટલ પર સર્ચ કરતા આ એક્સેસ (GJ-27-DK-7270) ગુલાબનગર પાસેથી ચોરાયેલું હોવાનું ખુલ્યું હતું.

સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓએ આ એક વાહન ઉપરાંત જામનગરના અલગ અલગ વિસ્તારોમાંથી અન્ય ૫ મોટરસાઈકલ (જેમાં મુખ્યત્વે સ્પ્લેન્ડર મોડેલ્સ) ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે કુલ રૂ. ૧,૧૦,૦૦૦ની કિંમતના ૬ ચોરાઉ વાહનો જપ્ત કર્યા છે. આ મામલે એક આરોપીની અટકાયત કરી પો.હેડ કોન્સ. જે.કિ. જાડેજા દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે બે કિશોરોને નોટિસ આપવામાં આવી છે.

## કર્ણાટકના રાજકારણમાં મોટો ફેરફારઃ પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ૨૦૨૮ની ચૂંટણી ન લડવાની કરી જાહેરાત

**સમય સંદેશઃ બેંગ્લુરૂ**



કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સિદ્ધારમૈયાએ ચૂંટણી રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાડી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ૨૦૨૮ માં યોજાનારી કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે નહીં. અગાઉ કોંગ્રેસ હાઈકમાન્ડના નેતૃત્વ પરિવર્તનના નિર્ણય મુજબ, સિદ્ધારમૈયાએ ૨૮ મે ૨૦૨૬ ના રોજ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું, જેનો રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે સ્વીકાર કર્યો હતો. આ સાથે જ ડી.કે. શિવકુમાર માટે રાજ્યના નવા મુખ્યમંત્રી બનવાનો રસ્તો સાફ થયો હતો.

સિદ્ધારમૈયાના આ નિર્ણય પાછળ મુખ્ય ત્રણ કારણો રહેલા છે. વર્ષ ૨૦૨૩ની ચૂંટણી વખતે તેમણે વરૂણા બેઠકની જનતાને આ તેમની છેલ્લી પ્રત્યક્ષ ચૂંટણી હોવાનું વચન આપ્યું હતું, જેનું તેમણે પાલન કર્યું છે. આ ઉપરાંત, તેઓ કોંગ્રેસમાં બીજી હરોળના યુવા અને અનુભવી નેતાઓને આગળ આવવાની તક આપવા માંગે છે. સાથે જ, ૭૭ વર્ષથી વધુ વયના થઈ ચૂકેલા સિદ્ધારમૈયા ૨૦૨૮ની ચૂંટણી સુધીમાં ૮૦ વર્ષ વટાવી ચૂક્યા હશે, જેથી ઉંમર અને સ્વાસ્થ્યના પડકારોને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય લીધો છે. ચૂંટણી મેદાનમાંથી હટવા છતાં સિદ્ધારમૈયાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ સક્રિય રાજકારણમાં રહીને પાર્ટીને સતત માર્ગદર્શન પૂરું પાડશે. રાજ્યમાં ‘અહિંદા’ આંદોલનના ધ્વજવાહક રહેલા સિદ્ધારમૈયાનું હટવું એ કર્ણાટક કોંગ્રેસના પાવર સ્ટ્રક્ચરમાં એક મોટા પરિવર્તનની શરૂઆત માનવામાં આવે છે. ચૂંટણી ન લડવા છતાં ૨૦૨૮ની ચૂંટણીમાં પાર્ટીની ટિકિટ વહેંચણી અને સંગઠનને મજબૂત કરવામાં તેમની ભૂમિકા સૌથી નિર્ણાયક રહેશે.

## કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬: વેઇટલિફ્ટિંગમાં ભારતે રચ્યો ઈતિહાસ, ઋષિકાંત સિંહે સિલ્વર મેડલ સાથે સ્નેચમાં બનાવ્યો નવો રેકોર્ડ

**સમય સંદેશઃ ડેસ્ક**



સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માંથી ભારત માટે વધુ એક ગૌરવપૂર્ણ અને આનંદના સમાચાર આવ્યા છે. ભારતીય વેઇટલિફ્ટર ઋષિકાંત સિંહ ચનામબમે દેશ માટે વધુ એક મેડલ પાકો કર્યો છે. પુરુષોના ૬૦ સલ ભારવર્ગની વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ઋષિકાંતે અદ્ભુત પ્રદર્શન આપતાં સિલ્વર મેડલ (રજત પદક) પોતાના નામે કરીને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે. સ્પર્ધાની ફાઇનલ મેચમાં ઋષિકાંત સિંહે શાનદાર શરૂઆત કરી હતી. તેમણે સ્નેચ રાઉન્ડમાં ૧૨૧ સલ નો ભાર સફળતાપૂર્વક ઉઠાવીને કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હતો. ત્યારબાદ ક્લીન એન્ડ જર્ક રાઉન્ડમાં કડક સ્પર્ધા વચ્ચે તેઓ પોતાના પ્રયાસમાં ૧૪૩ સલ વજન ઉઠાવવામાં સફળ રહ્યા હતા. ગોલ્ડ મેડલ માટે તેમણે અંતિમ પ્રયાસમાં ૧૫૧ સલ વજન ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. આ સાથે સ્નેચના રેકોર્ડ અને કુલ ૨૬૪ સલ (૧૨૧ સલ + ૧૪૩ સલ) ના સ્કોર સાથે તેમણે સિલ્વર મેડલ જીત્યો હતો.

આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મલેશિયાના લિફ્ટર અનિક કાસદાનના નામે રહ્યો હતો, જેમણે કુલ ૨૭૩ સલ (૧૨૧ સલ સ્નેચ + ૧૫૨ સલ ક્લીન એન્ડ જર્ક) વજન ઉઠાવીને નવો કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યો હતો. જ્યારે કેન્યાના જોશુઆ મબોયાએ કુલ ૨૫૫ સલ વજન ઉઠાવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. ઋષિકાંતની આ સિદ્ધિ બદલ દેશભરમાંથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# અંબાજીથી શરૂ થશે ધાર્મિક પરંપરાના રક્ષણનું રાજયવ્યાપી અભિયાનઃ સનાતન ધર્મ સંસદની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણયો

**સમય સંદેશઃ અંબાજી**





જગપ્રસિદ્ધ અંબાજી શક્તિપીઠ ખાતે સનાતન ધર્મ, શાસ્ત્રોક્ત પરંપરાઓ અને કર્મકાંડી ભૂદેવોના પરંપરાગત અધિકારોના સંરક્ષણ અર્થે સનાતન ધર્મ સંસદ દ્વારા એક અત્યંત મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી. મહામંડલેશ્વર પરમ પૂજ્ય ડોક્ટર જ્યોતિનાથજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં અંબાજી મંદિરના દેવસ્થાન ટ્રસ્ટના વહીવટ, ધાર્મિક બાબતોમાં સરકારી અધિકારીઓના વહીવટી હસ્તક્ષેપ, સેવાઓના થઈ રહેલા વ્યાપારીકરણ અને ગેરરીતિઓ અંગે ભારે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

સનાતન ધર્મ સંસદે ભારપૂર્વક જણાવ્યું કે, ધર્મશાસ્ત્ર કે શાસ્ત્રોક્ત પરંપરાઓની પૂરતી સમજ વિના અધિકારીઓ દ્વારા લેવાતા નિર્ણયોને કારણે શ્રદ્ધાળુઓની આસ્થાને ભારે ઠેસ પહોંચી રહી છે. મંદિર ટ્રસ્ટોનો મૂળ હેતુ માત્ર આવક વધારવાનો નહીં પરંતુ શ્રદ્ધાળુઓની સુવિધા અને ધર્મસેવાનો હોવો જોઈએ. આથી ધાર્મિક સ્થાનોમાં નિર્ણયો લેતા પહેલાં શાસ્ત્રમર્મના વિદ્વાનોની સલાહ લેવી અનિવાર્ય છે. આ બેઠકમાં ધ્વજારોહણ, યજ્ઞશાળા અને ચંડીપાઠ જેવી પવિત્ર વિધિઓનું વ્યાપારીકરણ તાત્કાલિક બંધ કરવા અને ભૂદેવોના પરંપરાગત હક્કો જાળવી રાખવા માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સનાતન ધર્મ સંસદે અંબાજી મંદિરના વહીવટદારના તાત્કાલિક રાજીનામાની માંગ સાથે ભંડારા ગણતરીના છેલ્લા ૧૨ મહિનાના


અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# ખાડીનું અમર્યાદિત યુદ્ધ !

યમન માના હુતી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા પર મોટા પાયે હૂમલ કાર્ય છે અને બહેરીન તથા કુવૈતે ઈરાનનાં મિસાઈલ ભંડારો અને લશ્કરી મથકો પર હુમલા કર્યાં છે. ઈરાન અને અમેરિકા વચ્ચે શરૂ થયેલું યુદ્ધ હવે બે દેશો પૂરતું મર્યાદિત રહ્યું નથી.પરંતુ એક બાબત સ્પષ્ટ છે કે ખાડીના દેશો હવે અમેરિકન લશ્કરી થાણાઓને આશ્રય આપવાની કિંમત સીધી રીતે ચૂકવી રહ્યા છે. ઈરાને બહેરીન, કુવૈત, જોર્ડન અને અન્ય આરબ દેશોમાં આવેલા અમેરિકન લશ્કરી મથકોને નિશાન બનાવ્યા પછી યુદ્ધનો નકશો બદલાઈ ગયો છે. બીજી તરફ યમન તરફથી સાઉદી અરેબિયાની ઔદ્યોગિક અને તેલ સુવિધાઓ પર મિસાઈલ તથા ડ્રોન હુમલા થયા છે. એટલે હવે યુદ્ધનો કોઈ એક મોરચો રહ્યો નથી. ઈરાન, અમેરિકા, ખાડી દેશો, યમન અને પરોક્ષ રીતે રશિયા તથા ચીન સુધી આ સંઘર્ષનાં તાર ફેલાઈ ગયા છે. ઈરાનનું ઓપરેશન નસર-૨ અમેરિકાની ટેકનોલોજીકલ સર્વોપરિતાના દાવા સામે મોટો પડકાર બની રહ્યું છે. ડ્રોનનાં ટોળાં, બેલિસ્ટિક મિસાઈલો અને અત્યંત ઝડપી શસ્ત્રો દ્વારા જુદી જુદી દિશામાં એકસાથે હુમલા કરવાની તેની વ્યૂહરચનાએ અમેરિકન હવાઈ સંરક્ષણને સતત દબાણમાં મૂકી દીધું છે. ઈરાનનો હેતુ દરેક મિસાઈલને લક્ષ્ય સુધી પહોંચાડવાનો નથી, પરંતુ અમેરિકાની સંરક્ષણ પ્રણાલીને એટલી વ્યસ્ત અને મૂંઝવણમાં નાખવાનો છે કે કેટલીક મિસાઈલો સુરક્ષાચક્ર ભેદી શકે. યુદ્ધમાં સૌથી મોંઘું શસ્ત્ર હંમેશાં સૌથી અસરકારક હોય એવું નથી. ઘણી વખત સસ્તાં ડ્રોનનાં ટોળાં અબજો ડોલરની સંરક્ષણ વ્યવસ્થાને થકવી નાખે છે. આ હુમલાઓની વધતી ચોકસાઈ વધુ ચિંતાજનક છે. રશિયા અને ચીન તરફથી ઈરાનને ગુપ્તચર કે તકનીકી સહાય મળી રહી હોવાની અમેરિકન શંકા સાચી હોય તો આ યુદ્ધનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ જશે. ત્યારે અમેરિકા માત્ર ઈરાન સામે નહીં, પરંતુ પોતાના બે સૌથી મોટા વૈશ્વિક હરીફોની પરોક્ષ શક્તિ સામે લડી રહ્યું હશે. અમેરિકન સંરક્ષણ મંત્રીએ પણ રશિયા અને ચીન ઈરાનને કોઈક સ્તરે મદદ કરી રહ્યાં હોવાનું સ્વીકાર્યું છે, ભલે તેની વિગતો જાહેર ન કરી હોય.ખાડીના દેશો માટે આ સૌથી મોટો બોધપાઠ છે. અમેરિકન લશ્કરી થાણાં તેમને સુરક્ષા આપે છે, પરંતુ એ જ થાણાં તેમને ઈરાનની મિસાઈલોનું નિશાન પણ બનાવે છે. અમેરિકાની સુરક્ષા ગેરંટી હવે નિર્વિવાદ રહી નથી. જે દેશો દાયકાઓ સુધી અમેરિકન છત્ર નીચે પોતાને સુરક્ષિત માનતા રહ્યા, તેઓ આજે યુદ્ધની પહેલી હરોળમાં ઊભા છે.

# દ્વારકામાં ૨૬ જુલાઈએ માજી સૈનિકો-NCC દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ

## ઈસ્કોન ગેટથી ગોમતીઘાટ સુધી વિશાળ દેશભક્તિ રેલી યોજાઈ







**સમય સંદેશઃ દ્વારકા**

કારગિલ વિજય દિવસ નિમિત્તે દ્વારકામાં શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ૨૬ જુલાઈના રોજ કારગિલ યુદ્ધના વીરો અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર તમામ જવાનોની સ્મૃતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે દ્વારકાધીશ માજી સૈનિક મંડળ, એનસીસી કેડેટ્સ અને સ્થાનિક નાગરિકોના સહયોગથી એક વિશાળ દેશભક્તિ રેલી યોજાઈ હતી. આ રેલી ઈસ્કોન ગેટથી શરૂ થઈ દ્વારકાના મુખ્ય બજારમાંથી પસાર થઈ ગોમતીઘાટ પહોંચી હતી. ગોમતીઘાટ ખાતે પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા ૫૨૭ વીર જવાનો તેમજ દેશની રક્ષા કાજે પ્રાણ ન્યોછાવર કરનાર તમામ અમર શહીદોની દિવ્ય આત્માની શાંતિ માટે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.

# જામનગરના લાલપુર તાલુકામાં સોલાર પ્લાન્ટમાં કામ દરમિયાન સર્જાયો અકસ્માતઃ બિહારના મજૂરનું કરુણ મોત નીપજ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ડેરા છીકારી ગામે આવેલા પી.વી. સોલાર સેલ-૨ પ્લાન્ટમાં કામ દરમિયાન અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બિહારના ૩૭ વર્ષીય મજૂર ચુનચુન કૃષ્ણા ચૌહાણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.ઇજાગ્રસ્ત મજૂરને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે ટાઉનશીપ મેડિકલ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન ચુનચુન કૃષ્ણા ચૌહાણનું દુ:ખદ અવસાન થયું હતું. મૃતકના ભાઈએ આ ઘટના અંગે મેઘપર (પડાણા) પોલીસને જાણ કરી હતી. પોલીસે બીએનએસએસ કલમ ૧૯૪ હેઠળ અકસ્માત મોતનો ગુનો નોંધીને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ૨૭ ગુજરાત NCC દ્વારા કારગિલ શહીદોને પત્ર કારગિલ વિજય દિવસે ૫૨૭ વીરોને ૫૨૭ પત્રો લખી શ્રદ્ધાંજલિ અપાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

કારગિલ વિજય દિવસ નિમિત્તે, જામનગરની ૨૭ ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કારગિલ યુદ્ધના ૫૨૭ શહીદોના સર્વોચ્ચ બલિદાનને સન્માનિત કરવા માટે 'એક પત્ર - ૫૨૭ વીરોને ૫૨૭ પત્રો' શીર્ષક હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં, તમામ NCC કેડેટ્સને કારગિલ યુદ્ધ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમને યુદ્ધની પૃષ્ઠભૂમિ, વ્યૂહાત્મક મહત્વ, ઓપરેશન વિજયની રૂપરેખા અને ભારતીય સશસ્ત્ર દળોના અદમ્ય સાહસ વિશે માહિતગાર કરાયા હતા. શહીદોએ કેવી રીતે દેશની સાર્વભૌમત્વ અને અખંડિતતાનું રક્ષણ કર્યું તેની પણ જાણકારી અપાઈ હતી. કૃતજ્ઞતા અને સન્માનના પ્રતીક રૂપે, બટાલિયનના તમામ કેડેટ્સ, એએનઓ/સીટીઓ, પીઆઈ સ્ટાફ અને અધિકારીઓએ કારગિલના દરેક વીરની યાદમાં હસ્તલિખિત પત્રો લખ્યા હતા. દરેક કેડેટે એક શહીદને સમર્પિત પત્ર લખ્યો, જેનાથી ૫૨૭ વીરોને વ્યક્તિગત રીતે યાદ કરીને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું વાતાવરણ ગર્વ અને દેશભક્તિથી ભરેલું હતું. દરેક પત્રમાં શહીદો પ્રત્યે ગર્વ, સલામ, હૃદયપૂર્વકની કૃતજ્ઞતા અને તેમના બલિદાનને ક્યારેય ન ભૂલવાની પ્રતિજ્ઞા વ્યક્ત કરવામાં આવી હતી. આ પહેલથી યુવાનોમાં દેશભક્તિ, ભાવનાત્મક જોડાણ અને શહીદો પ્રત્યે ઊંડો આદર જાગૃત થયો. આ રીતે, ૨૭ ગુજરાત બટાલિયન ગઈઈ દ્વારા ૫૨૭ શહીદ વીરોને ૫૨૭ પત્રો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

# જામનગરમાં ચંદ્રશેખર આઝાદની જન્મજયંતિ ઉજવાઈ

## સમસ્ત બ્રહ્મ સમાજ ટ્રસ્ટે રોપા-પાણીના બાઉલનું વિતરણ કર્યું



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની ૧૨૦મી જન્મજયંતિ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૨૩મી જુલાઈના રોજ તેમની જન્મજયંતિ પૂર્વે યોજાયો હતો.ટ્રસ્ટ દ્વારા શહેરના ડીકેવી સર્કલ પાસે વિનામૂલ્યે રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પક્ષીઓ માટે પાણી પીવાની વ્યવસ્થાના હેતુથી પાણીના બાઉલનું પણ વિતરણ કરાયું હતું. આ પ્રવૃત્તિઓ પર્યાવરણની જાળવણી અને પક્ષીઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

કાર્યક્રમના પ્રારંભે શહેરના મેયર મોનિકાબેન વ્યાસ, પૂર્વ શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, બ્રહ્મસમાજ અગ્રણી રાજુભાઈ (વ્યાસ) મહાદેવ, આરએસએસના અગ્રણી વૃજલાલભાઈ પાઠક, વોર્ડ નં. ૫ના કોર્પોરેટર આશિષભાઈ જોષી, કપિલભાઈ પંડ્યા, વોર્ડ નં. ૩ના પ્રમુખ નરેનભાઈ ગઢવી, ખુમાનસિંહ સરવૈયા, પરાગભાઈ પટેલ, દિલીપસિંહ જાડેજા, અશ્વિનભાઈ કોઠારી સહિત વિવિધ બ્રહ્મસમાજના તથા રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ ચંદ્રશેખર આઝાદની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના કેતન ભટ્ટ, જયદિપ રાવલ, સુનિલ જોષી, સીમિત રાવલ, મહેશ રાવલ, કિરીટ ઠાકર, રાજેશ ઠાકર, કપિલ રાવલ, કનુભાઈ રાજયગુરુ, જામ્બાલી રાવલ, જીતેશ વ્યાસ, બિપીન દવે, વિમલ મહેતા, દેવેન્દ્ર શુકલ, કેતન જોષી, રાજુ વ્યાસ સહિત મહિલા ટીમના મનીષા જોષી, અર્ચના જોષી, હિના ઠાકર, ધરતી વ્યાસ, જાહ્નવી શુકલ, ઉષા જોષી, વાસંતી ઠાકર, જયેષ્ઠા જોશી, દીપાલી રાવલ, રક્ષા ભટ્ટ, નીતા મહેતા સહિતના અનેક સભ્યોએ જહેમત ઉઠાવી હતી.સંસ્થા દ્વારા પર્યાવરણની જાળવણી અને પક્ષીઓ પ્રત્યેની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને શહેરના લોકો તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

# અધિકારીઓ, કર્મચારીઓને વાહન પાર્કિંગ માટે હેરાનગતિઃ કલેક્ટર કચેરીના પાર્કિંગમાં જ સાંજ પડતા ખાનગી વાહનોના ખડકલા


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના શરૂ સેકશન રોડ પર આવેલી કલેક્ટર કચેરીના સરકારી પાર્કિંગ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ખાનગી વાહનોનું ગેરકાયદેસર પાર્કિંગ એક ગંભીર સમસ્યા બનીને સામે આવ્યું છે.

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે દરરોજ આખો દિવસ કચેરીમાં અરજદારોની ચહલપહલ હોય છે, પરંતુ સાંજ પડતાં જ કચેરી સમય પૂરો થયા બાદ અમુક ચોક્કસ વ્યક્તિઓ પોતાના ખાનગી ફોર-વ્હીલર વાહનો સરકારી પાર્કિંગમાં પાર્ક કરીને ચાલ્યા જાય છે. આ વાહનો આખી રાત અને ઘણીવાર તો દિવસો સુધી ત્યાં જ પડ્યા રહે છે, જેના કારણે સરકારી કચેરીની સુરક્ષા સામે પણ મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે.

સરકારી પાર્કિંગમાં ખાનગી ફોર-વ્હીલરોનો ખડકલો થઈ જતાં સવારના સમયે કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ તેમજ દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અરજદારોને પોતાના વાહનો પાર્ક કરવા માટે ભારે કસરત કરવી પડે છે. સરકારી કચેરી જેવા અતિ સંવેદનશીલ પરિસરમાં રાત્રિના સમયે અજાણ્યા ખાનગી વાહનો પાર્ક થઈ રહ્યા હોવા છતાં જવાબદાર સિક્યુરિટી અને તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

માહિતી મુજબ, સરકાર પોતાના અનેક મહત્વાકાંક્ષી અને દેશહિતના બિલો આજ સોમવારે સંભવતઃ લોકસભામાં રજૂ કરવા જઈ રહી છે. આ બિલો દેશની સુરક્ષા, પારદર્શિતા અને આંતરિક શાંતિ જાળવવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. પરંતુ મોટો સવાલ એ ઊભો થાય છે કે, શું આ કડક બિલો રજૂ થયા પછી પણ આ ઉપદ્રવીઓ શાંત રહેશે? તેની શું ગેરંટી છે કે આ તત્વો નવું કોઈ બહાનું શોધીને ફરીથી દેશમાં હિંસા અને અરાજકતાનો આશરો નહીં લે? કારણ કે તેમનો હેતુ ક્યારેય સુધારાનો રહ્યો જ નથી, પરંતુ વિરોધ કરવાનો જ રહ્યો છે.

અંતમાં, દેશની લોકશાહી અને કાયદાનું શાસન ટકાવી રાખવા માટે સરકારે કોઈ પણ દબાણમાં આવ્યા વગર ઉપદ્રવીઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવી પડશે. જો દેશની સુરક્ષા અને બંધારણનું રક્ષણ કરવું હશે, તો સડક પરથી ચાલતી ગુંડાશ્રેષ્ઠીને કડક હાથે નાથવી જ પડશે, તો જ દેશમાં શાંતિ અને વિજયી લોકશાહી કાયમ રહી શકશે.

### વિદ્યાર્થી આંદોલન

(પાના નં. ૪ થી આગળ)

''લોકશાહીમાં હક્ક માટે અવાજ ઉઠાવતા વિદ્યાર્થીઓ પર અત્યાચાર ગુજારવામાં આવ્યો, જેમાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા અને કેટલાક નિર્દોષ વિદ્યાર્થીઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા. આટલી ખુવારી બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ નૈતિક જવાબદારી સ્વીકારીને મોડે મોડે પણ રાજીનામું આપવું પડ્યું છે, જે દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓના અવિરત સંઘર્ષની મોટી જીત છે. કોંગ્રેસે સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર અટકે તેવી ખાતરી માંગી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે કોંગ્રેસ પક્ષ દેશના વિદ્યાર્થીઓ અને પીડિતોના ન્યાય માટે હંમેશા મક્કમતાથી તેમની સાથે ઊભો રહેશે.

### સિમ્એટ ભરેલું ટ્રેલર

(પાના નં. ૪ થી આગળ)

આ અકસ્માતને કારણે થોડા સમય માટે માર્ગ પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, સુજલોન કંપનીના ભારે વાહનો આ માર્ગ પરથી સતત પસાર થતા હોવાથી અકસ્માતનું જોખમ વધ્યું છે. લોકો દ્વારા કંપની અને સંબંધિત તંત્ર પાસે ભારે વાહનોના સલામત સંચાલન, જરૂરી સુરક્ષા વ્યવસ્થા તથા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવાની માંગ કરવામાં આવી રહી છે. સ્થાનિકો ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે યોગ્ય અને સમયસર પગલાં ભરવાની જરૂરિયાત વ્યક્ત કરી રહ્યા છે.

### 'કારગિલ વિજય દિવસ'

(પાના નં. ૩ થી આગળ)

જામનગરના પ્રમુખશ્રી ભરતસિંહ જાડેજા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માજી સૈનિકો, શહીદ પરિવારો, શહેરના ગણમાન્ય નાગરિકો તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બંને કાર્યક્રમોના અંતે ઉપસ્થિત તમામ મહેમાનો અને મીડિયામિત્રો માટે સહભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### જાગૃત યુવા ફાઉન્ડેશન

(પાના નં. ૩ થી આગળ)

કે આ વિરોધ માત્ર વિદ્યાર્થીઓના હિત અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના હક અને ન્યાય માટેના આ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ફાઉન્ડેશનના યુવાનો અને જાગૃત નાગરિકો જોડાયા હતા.

### ગૌસેવકે બચત ખાતા

(પાના નં. ૩ થી આગળ)

બીમારી અને હોસ્પિટલના કામનું બહાનું બતાવી, મેસેજની આપલે દ્વારા તેમના બેંક બચત ખાતામાંથી બે ટ્રાન્ઝેક્શનમાં કુલ ₹૩૨,૫૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ફ્રોડ કરનારે હરીશભાઈની લાગણીઓનો દુરુપયોગ કર્યો હતો. હરીશભાઈ ગોંડિયા વર્ષોથી ગાયો, કૂતરાઓ અને અન્ય પશુઓની સેવા કરે છે. તેમણે અડધો દાયકા સુધી માધ્યમિક શાળામાં બાળકોને નિ:શુલ્ક શિક્ષણ પણ આપ્યું છે. નગરપાલિકામાંથી નિવૃત્ત થયા બાદ તેઓ પોતાનો સંપૂર્ણ સમય ગૌસેવા અને અબોલ પશુઓની સેવામાં વિતાવે છે. આ ફ્રોડ થયા બાદ હરીશભાઈએ તાત્કાલિક સલાયા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. તેમણે સાયબર વિભાગમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. સાયબર પોલીસે આ મામલે તપાસનો દોર શરૂ કરી દીધો છે.

### 'મન કી બાત'

(પાના નં. ૩ થી આગળ)

જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અરશીભાઈ કરગીયા અને લાલપુર સામાજિક ન્યાય સમિતિના ચેરમેન યોગેશ ચાવડા સહિત ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ 'મન કી બાત'નું ધ્યાનપૂર્વક શ્રવણ કર્યું હતું અને દેશહિતના કાર્યોમાં વધુ સક્રિય બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### સીધો સંવાદ

(પાના નં. ૧ થી આગળ)

નવીનતા અને સેવાનો પર્યાય છે. સરહદી ગામડાઓની મુલાકાત લઈ સ્થાનિક લોકોના જીવન અને આકાંક્ષાઓનો પ્રત્યક્ષ અનુભવ કરનાર આ યુવાનોએ વડાપ્રધાન મોદીને વચન આપ્યું હતું કે તેઓ વિકસિત ભારતનું સપનું પૂરું કરવા માટે સંપૂર્ણપણે સમર્પિત રહેશે અને ટૂંક સમયમાં જ પોતાના અનુભવોનો એક વિસ્તૃત અહેવાલ સરકારને સોંપશે.

નોંધનીય છે કે, 'માય ભારત' દ્વારા અમલીકૃત આ 'વિકસિત ગામડા કાર્યક્રમ ૨૦૨૬' અંતર્ગત લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ૭૪ જેટલા અતિ દુર્ગમ અને વ્યૂહાત્મક સરહદી ગામડાઓમાં યુવાનોને મોકલવામાં આવ્યા હતા. ૩ લાખથી વધુ યુવાનોમાંથી પસંદ કરાયેલા ૪૦૦થી વધુ પ્રતિનિધિઓએ આ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન, પંચાયત મોડેલ અને સ્થાનિક સંસ્કૃતિના જતન અંગે સફળ પ્રયોગો કર્યા હતા. દેશના સરહદી ગામડાઓને 'છેલ્લા ગામડાઓ' નહીં પણ 'પ્રથમ ગામડાઓ' ગણીને તેમનો સર્વાંગી વિકાસ કરવાની પીએમ મોદીની વિઝનરી નીતિને યુવાનોએ નવી ઉર્જા પૂરી પાડી છે.

### મુશ્કેલીમાં ફસાઈ 'આપ'

(પાના નં. ૧ થી આગળ)

માંગ કરતાં અરવિંદ કેજરીવાલ પર બમણું વલણ રાખવાનો આરોપ લગાવ્યો. તેમણે સવાલ ઉઠાવતા કહ્યું કે દિલ્હીમાં વિદ્યાર્થી આંદોલનને સમર્થન આપનાર નેતા પંજાબના યુવાઓના મુદ્દા પર ચૂપ કેમ છે? મનજિંદર સિંહ સિરસાએ કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીતને પણ તેમના કથિત વચનની યાદ અપાવી કે પંજાબમાં પેપર લીક થવા પર તેઓ વિદ્યાર્થીઓનો અવાજ ઉઠાવશે.

અકાલી દળના સાંસદ હરસિમરત કૌર બાદલે શિક્ષણ મંત્રી હરજોત સિંહ બૈંસ અને સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિંહના રાજીનામાંની માંગ કરી. તેમણે દાવો કર્યો કે સાડા ચાર વર્ષમાં ૬ પરીક્ષામાં ગેરરિતી થઇ જેમાં ૫ લાખ યુવાનો પ્રભાવિત થયા.

વિપક્ષનો આરોપ છે કે આમ આદમી પાર્ટી કેન્દ્રમાં પેપર લીક પર રાજીનામું માંગે છે, પરંતુ પંજાબમાં આવા મામલે ચૂપી સાધી લે છે. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં બાદ હવે પંજાબ સરકાર અને શિક્ષણ મંત્રી પર નૈતિક દબાણ વધી ગયું છે. કોંગ્રેસ અને અકાળી દળે આંદોલન તેજ કરવાના સંકેત આપ્યા છે, જ્યારે પંજાબ સરકાર તરફથી આ મુદ્દે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

### નાવિક લાપતા

(પાના નં. ૧ થી આગળ)

સલાહ જારી કરી છે. વિદેશ મંત્રાલયે ચેતવણી આપતા કહ્યુ કે એપ્રિલથી કાળા સમુદ્રમાં કોમર્શિયલ જહાજો પર મિસાઇલ અને ડ્રોન હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. આ જોખમી દરિયાઈ માર્ગો પરથી પસાર થતા જહાજોએ સતર્ક રહેવાની જરૂર છે. વિદેશ મંત્રાલયે નાવિકોને કોઈપણ શિપિંગ કંપની અથવા ભરતી એજન્સી સાથે કામ શરૂ કરતા પહેલા જહાજના રૂટ, રોકાવાનો પોર્ટ, વીમા કવર, સુરક્ષા વ્યવસ્થા અને ઇમરજન્સી રિસ્પોન્સ વિશે સંપૂર્ણ માહિતી મેળવવાની સલાહ આપી છે.

### અંબાજીથી શરૂ થશે

(પાના નં. ૧ થી આગળ)

CCTV ફૂટેજ જાહેર કરી નિષ્પક્ષ તપાસ કરવાની રજૂઆત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી કાળ દરમિયાન સ્થાપિત ૫૧ શક્તિપીઠોની પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિઓમાં કોવિડના સમયથી બંધ કરાયેલ દૈનિક થાળ અને નૈવેદ્યની પરંપરા પણ તુરંત પુનઃ શરૂ કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું. ધાર્મિક પરંપરાના રક્ષણ માટેનું આ અભિયાન માત્ર અંબાજી પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ આગામી દિવસોમાં ડાકોર, સોમનાથ, દ્વારકા, સાળંગપુર અને પાવાગઢ સહિત સમગ્ર ગુજરાતના પ્રમુખ યાત્રાધામોમાં સનાતન ધર્મ સંસદ યોજાશે. આ બેઠકમાં સમસ્ત બ્રહ્મ સમાજ, પરશુરામ પરિવાર, વર્લ્ડ બ્રાહ્મણ ઓર્ગેનાઈઝેશન, કરણી સેના, પાટીદાર, ક્ષત્રિય અને વણિક સમાજ સહિતના વિવિધ સામાજિક સંગઠનોના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઋષિપુત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# લાલપુરના હરીપરમાં ૭૦ મી.મી. વરસાદઃ તાલુકાના વિવિધ વિસ્તારોમાં મધ્યમથી સારો વરસાદ



**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા વરસાદના અહેવાલ મુજબ, લાલપુર તાલુકાના વિવિધ પી.એચ.સી. વિસ્તારોમાં મધ્યમથી સારો વરસાદ નોંધાયો છે. તાલુકામાં હરીપર વિસ્તારમાં સૌથી વધુ ૭૦ મી.મી. વરસાદ પડ્યો છે. અહેવાલમાં દર્શાવ્યા મુજબ, પડાણામાં ૩૫ મી.મી., ભણગોરમાં ૪૮ મી.મી. અને મોટા ખડબામાં ૨૩ મી.મી. વરસાદ નોંધાયો છે. આ આંકડા લાલપુર તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં થયેલા વરસાદની વિગતો આપે છે. આ વરસાદને કારણે ખેતરોમાં પાણીની આવક વધી છે. જેના પરિણામે ખરીફ પાકને ફાયદો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગરમાં હલાર જિલ્લા માજી સૈનિક મંડળ દ્વારા 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી

## શહીદ સ્મારક ખાતે વીર જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરાઈ; સાંજે વિશ્વકર્મા બાગ ખાતે સંગીતમય શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો






તસવીરઃ હિરેન ગાંધી






**સમય સંદેશઃ જામનગર**

હલાર જિલ્લા માજી સૈનિક મંડળ - જામનગર દ્વારા રવિવાર, ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ 'કારગિલ વિજય દિવસ' નિમિત્તે માતૃભૂમિની રક્ષા કાજે પ્રાણ ન્યોછાવર કરનારા અમર વીર શહીદોની સ્મૃતિમાં બે ગૌરવપૂર્ણ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે રણમલ તળાવ પાર્કિંગ એરિયામાં આવેલા શહીદ સ્મારક ખાતે પ્રથમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માજી સૈનિકો, સંગઠનના હોદ્દેદારો અને સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં વીર શહીદોને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી સલામી આપવામાં આવી હતી. શહીદોના બલિદાનને યાદ કરીને ઉપસ્થિત સૌ કોઈએ 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા હતા. ત્યારબાદ સાંજે ૦૫:૦૦ કલાકે ગાંધીનગર મેઈન રોડ પર આવેલ વિશ્વકર્મા બાગ (ગુર્જર સુતાર જ્ઞાતિની વાડી) ખાતે ''વીર શહીદોને શ્રદ્ધાંજલિ'' શીર્ષક હેઠળ એક સંગીતમય શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. દેશભક્તિના સંગીતના સુરો સાથે માતૃભૂમિના સપૂતોને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

આ બંને દેશભક્તિસભર કાર્યક્રમોનું સફળ આયોજન હલાર જિલ્લા માજી સૈનિક મંડળ-

અનુ પાના નં.૨ પર

## એબીવીપી દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે 'વિજય ઉત્સવ'ની ઉજવણી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા 'કારગિલ વિજય દિવસ' નિમિત્તે રવિવાર, ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ જામનગરના ડી.કે.વી. સર્કલ ખાતે એક વિશેષ 'વિજય ઉત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧:૩૦ વાગ્યે યોજાયેલા આ કાર્યક્રમમાં અઇટ્ઠના કાર્યકરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર એકઠા થયા હતા. આ પ્રસંગે ભારત માતાના વીર સપૂતો અને શહીદ જવાનોની અમર કુરબાનીને યાદ કરીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. દેશભક્તિસભર વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભારત માતા કી જય અને વંદે માતરમના નારા લગાવી કારગિલ વિજયના ઐતિહાસિક દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરી હતી.

# જામનગરમાં 'નીટ' પેપરલીક મામલે જાગૃત યુવા ફાઉન્ડેશન દ્વારા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન

## આત્મહત્યા કરનાર ૨૧ વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી

**સમય સંદેશઃ જામનગર**

૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ જાગૃત યુવા ફાઉન્ડેશન અને વિદ્યાર્થીઓ દ્વારા NEET પરીક્ષાના પેપર લીક કૌભાંડ વિરુદ્ધ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ડી.કે.વી. સર્કલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે થયેલા અન્યાય સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન, NEET પેપરલીક કૌભાંડને કારણે



તસવીરઃ હિરેન ગાંધી

આત્મહત્યા કરનાર ૨૧ વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. પ્રદર્શનકારીઓએ ''વિદ્યાર્થીઓને ન્યાય આપો'' અને ''પેપર લીક કરનારને સજા આપો'' જેવા નારા લગાવ્યા હતા. ડી.કે.વી. સર્કલ આસપાસ એક વિરોધ રેલી પણ યોજવામાં આવી હતી. જાગૃત યુવા ફાઉન્ડેશનના પ્રમુખ હાર્દિકસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ કોઈપણ રાજકીય પક્ષ સાથે સંબંધિત ન હતો. તેમણે સ્પષ્ટ કર્યું

અનુ પાના નં.૨ પર

# જામ સલાયાના ગૌસેવકે બચત ખાતામાંથી ૩૨,૫૦૦ ગુમાવ્યા, સાયબર ક્રાઈમમાં રાવ






**સમય સંદેશઃ સલાયા**

સલાયાના ગૌસેવક અને સમાજસેવી હરીશભાઈ મથુરાદાસ ગોંડિયા સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. અબોલ પશુઓની સેવા કરતા આ વૃદ્ધે પોતાના બચત ખાતામાંથી કુલ ₹૩૨,૫૦૦ ગુમાવ્યા છે. આ ઘટનાને પગલે સલાયામાં ચર્ચા જાગી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરના સમયે હરીશભાઈને એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે

અનુ પાના નં.૨ પર

# જામગનરના માહિતી કચેરીના માનસી ધારવિયા પીએસઆઇ તરીકે પસંદ

**સમય સંદેશઃ જામનગર**

જિલ્લા માહિતી કચેરી, જામનગર ખાતે સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સુશ્રી માનસીબેન ધારવિયાને કર્મચારીગણ તરફથી ભાવભીનું વિદાયમાન અપાયું હતું. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી સોનલ જોષીપુરા, સહાયક નિયામકશ્રી એચ.પી.ગોજીયા, તથા


તસવીરઃ હિરેન ગાંધી

શ્રી વિરેન્દ્રસિંહ પરમાર, શ્રી ગજેન્દ્રસિંહ જાડેજા અને કચેરીના તમામ કર્મચારીઓએ માનસીબેન ધારવિયાને ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે માનસીબેન ધારવીયાએ જિલ્લા માહિતી કચેરી, જામનગર ખાતે સિનિયર ક્લાર્ક તરીકે ૧૭/૧૦/૨૦૨૫ થી ૧૮/૭/૨૦૨૬ સુધી ફરજો બજાવી હતી. તાજેતરમાં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની પરીક્ષા મારફતે પોલીસ સબ ઇન્સ્પેક્ટર તરીકે નિમણૂક મળતાં તેમને માહિતી ખાતાની સેવામાંથી મુક્ત કરાયા હતા.

# લાલપુરમાં PM મોદીની 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ

## શિવાજી નગરના બુથ ૮૪ પર ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા

**સમય સંદેશઃ જામનગર**

ગઈકાલે લાલપુરના શિવાજી નગર વિસ્તારમાં બુથ નંબર ૮૪ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દેવીપૂજક ચંદુભાઈ રાઠોડના નિવાસસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના વિસ્તારોમાં વધુમાં વધુ લોકોને 'મન કી બાત' સાંભળવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ પ્રસંગે જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ હીરજીભાઈ ચાવડા,

અનુ પાના નં.૨ પર



# જામનગરમાં વારંવારના વીજકાપથી કંટાળેલા ગ્રાહકોનો ચક્કાજામઃ તંત્રના ઉદાસીન વલણ સામે ભારે રોષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પાણખાણ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર વીજળી ગુલ થઈ જવાની વિકટ સમસ્યાથી ત્રસ્ત થયેલા સ્થાનિક ગ્રાહકોનો ધીરજનો ઘડો છલકાઈ ગયો હતો, જેને પગલે રોષે ભરાયેલા લોકોએ ટેલિફોન એક્સચેન્જ નજીક આવેલા ઉદ્યોગ નગરના રોડ નંબર ૪૯ પર ઉગ્ર ચક્કાજામ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. અગાઉ સ્થાનિકો જ્યારે શંકર ટેકરી ઉદ્યોગ વીજ કચેરી ખાતે આ અંગે રજૂઆત કરવા પહોંચ્યા હતા, ત્યારે ત્યાંના અધિકારીઓ તરફથી કોઈ યોગ્ય કે સંતોષકારક જવાબ ન મળતા લોકોનો આક્રોશ બેવડાઈ ગયો હતો. ગ્રાહકોના આ અચાનક ચક્કાજામ અને રસ્તા રોકો આંદોલનના કારણે માર્ગ પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને લીધે અનેક વાહનચાલકો રસ્તા વચ્ચે અટવાઈ પડીને ભારે હાલાકી ભોગવવા મજબૂર બન્યા હતા.





તસવીરઃ હિરેન ગાંધી



# જામજોધપુરના મોટીગોપ થી ગોપનાથ મહાદેવ મંદિર માર્ગનું રૂ. ૩૨૭.૧૬ લાખના ખર્ચે નવીનીકરણ કરાયું

## ૫.૧ કિ.મી.ના માર્ગ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા સી.સી. અને ડામર રોડની કામગીરી પૂર્ણ થતાં શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો થશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલું મોટીગોપ ગામ અને ત્યાં સ્થિત પવિત્ર ગોપનાથ મહાદેવ મંદિર સ્થાનિક રહીશો તેમજ દૂર-દૂરથી આવતા શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું અગ્રણી કેન્દ્ર છે. આ પવિત્ર ધામ તરફ જતો મુખ્ય માર્ગ બિસ્માર અને ક્ષતિગ્રસ્ત હાલતમાં હોવાના કારણે વાહનચાલકો તથા દર્શનાર્થીઓને મુસાફરી દરમિયાન ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી નિવારણ માટે પંચાયત માર્ગ અને મકાન વિભાગ જામનગર દ્વારા યાત્રાળુઓની સુવિધા તેમજ સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને મોટીગોપ થી ગોપનાથ મહાદેવ મંદિર સુધીના ૫.૧ કી.મી. લંબાઈના સમગ્ર રસ્તા માટે રૂ. ૩૨૭.૧૬ લાખના ખર્ચે





નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. આ નવીનીકરણ અંતર્ગત ભૌગોલિક પરિસ્થિતિ અને પાણીના યોગ્ય નિકાલને ધ્યાનમાં રાખીને રસ્તા પર જરૂરી સ્થળોએ મજબૂત સી.સી. રોડ તેમજ બાકીના સમગ્ર ભાગ પર ડામર રોડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. નવો રસ્તો તૈયાર થવાથી શ્રાવણ માસ તેમજ વિવિધ ધાર્મિક તહેવારો દરમિયાન મહાદેવના દર્શનાર્થે આવતા હજારો ભક્તો માટે મુસાફરી અત્યંત સલામત, સરળ અને ઝડપી બનશે. મોટીગોપ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકો માટે વાહનોની સુગમ અવરજવર સુનિશ્ચિત થતાં સમય અને ઈંધણ બંનેની મોટી બચત થશે. માર્ગના આ કાયાકલ્પથી સ્થાનિક ગ્રામજનો અને દર્શનાર્થીઓમાં હર્ષ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

# આંદોલનની આડમાં અરાજકતાઃ વિદેશી ફંડિંગ, દેશવિરોધી પેટર્ન અને લોકશાહી સામે મોટો પડકાર



## સંભવતઃ આજે સરકાર પોતાના મહત્વાકાક્ષી બિલો રજૂ કરશે અને ત્યારે વિપક્ષી પક્ષો અને ષડયંત્રકારી આંદોલનકર્તાઓ પુનઃ ઉપાડો નહીં લે અને દેશમાં ગૃહકલેશ નહીં કરે તેની શું ગેરેંટી?

દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિરોધ અને આંદોલનોની જો ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો એક વાત સ્પષ્ટપણે સામે આવે છે કે લોકશાહીના નામે દેશને અસ્થિર કરવાનું એક ખૂબ જ મોટું અને ઊંડું ષડયંત્ર ચાલી રહ્યું છે. કહેવાતા આંદોલનકારીઓ અને 'કોકરોચ જનતા પાર્ટી' જેવા વિરોધી તત્વો દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલનો હવે માત્ર પોતાના વિરોધ પૂરતા સીમિત રહ્યા નથી, પરંતુ તેણે ઉગ્ર અને હિંસક સ્વરૂપ ધારણ કરી રહ્યાં છે!

આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી દુઃખદ અને ચિંતાજનક બાબત એ છે કે આંદોલનના નામે નિર્દોષ વિદ્યાર્થીઓને આગળ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેમના મુદ્દાઓની આડ લઈને ઉપદ્રવીઓ અને અસામાજિક તત્વો આ પ્રદર્શનોમાં ઘૂસી જાય છે. શિક્ષણ કે વિદ્યાર્થીઓના હિત સાથે આ તત્વોને કોઈ લેવાદેવા હોતી નથી, તેમનો માત્ર એક જ હેતુ હોય છે-વિદ્યાર્થીઓની લાગણીઓનો દુરુપયોગ કરવો.

વિદ્યાર્થીઓના ઓઠા હેઠળ ઘૂસેલા આ હિંસક ઉપદ્રવીઓ દેશની જાહેર મિલકતો અને સરકારી માલ-મત્તાને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે. સામાન્ય કરદાતાઓના પૈસાથી બનેલી બસો, સરકારી ઈમારતો અને રેલવે જેવી જાહેર મિલકતોને સળગાવી દેવી કે તોડફોડ કરવી એ આ તત્વોની રોજિંદી કાર્યશૈલી બની ગઈ છે. આ નુકસાન માત્ર સરકારનું નથી, પરંતુ સમગ્ર દેશની જનતાનું છે.

આટલું જ નહીં, કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ કરતા પોલીસ કર્મચારીઓ અને દેશના સુરક્ષા બળો પર પણ જીવલેણ હુમલા કરવામાં આવી રહ્યા છે. પોતાની



ફરજ બજાવી રહેલા જવાનો પર પથ્થરમારો કરવો, તેમને ઈજાગ્રસ્ત કરવા અને તેમની સુરક્ષા જોખમમાં મૂકવી એ બાબત દર્શાવે છે કે આ આંદોલનકારીઓને દેશના કાયદા કે બંધારણ પ્રત્યે કોઈ સન્માન નથી.

આ આંદોલનોનું સ્તર એટલું નીચું ઉતરી ગયું છે કે વિરોધની કોઈ મર્યાદા રહી નથી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અત્યંત ગંદી, અભદ્ર અને હલકી કક્ષાની ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. રાજકીય કે નીતિગત વિરોધ હોઈ શકે, પરંતુ દેશના સર્વોચ્ચ લોકતાંત્રિક પદ પર બેઠેલી વ્યક્તિ વિરુદ્ધ આવી વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવો એ ચોક્કસપણે એક સુનિયોજિત માનસિકતાનો ભાગ છે.

આ તમામ ગતિવિધિઓ પાછળનો અંતિમ પ્લાન દેશભરમાં તોડફોડ, ભય અને અરાજકતા મચાવવાનો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ કોઈ સ્વયંભૂ આંદોલન નથી, પરંતુ એક એવો પ્લાન છે જેનો હેતુ સામાન્ય નાગરિકોના મનમાં ડર ઊભો કરવાનો અને દેશની આર્થિક તથા સામાજિક સ્થિતિને ભારે નુકસાન પહોંચાડવાનો છે.

ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ અને વર્તમાન સ્થિતિની સરખામણી કરીએ તો એક ચોક્કસ 'પેટર્ન' ઊભરીને સામે આવે છે. આ પહેલાં સી.એ.એ. વખતે થયેલું વિરોધ પ્રદર્શન હોય, ત્યારબાદ ખેડૂત બિલ સામે થયેલું આંદોલન હોય કે પછી અત્યારે ચાલી રહેલું આંદોલન હોય-આ બધાની પાછળની રણનીતિ, ટૂલકિટ અને વિરોધ કરવાની રીત એકસરખી જ જોવા મળે છે.



આ પેટર્ન બતાવે છે કે વિરોધના મુખૌટા બદલાય છે, પરંતુ તેની પાછળની શક્તિઓ અને માસ્ટરમાઇન્ડ એક જ છે. પહેલા વિરોધ ઊભો કરવો, પછી તેમાં હિંસા ભડકાવવી, આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી ખરાબ કરવી અને અંતે સરકારને બેકફૂટ પર લાવવાનો પ્રયાસ કરવો-આ જ તેમની મુખ્ય રણનીતિ રહી છે.

આ સમગ્ર ખેલ પાછળ સૌથી મોટું પરિબળ 'વિદેશી ફંડિંગ' હોવાના અહેવાલો અને આશંકાઓ મજબૂત બની રહી છે. વિદેશથી આવી રહેલા આ શંકાસ્પદ ફંડના બળ પર જ આ કહેવાતા





આંદોલનકારીઓ દેશમાં આંતરિક રીતે અશાંતિ અને ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી ભારતની પ્રગતિ અટકી જાય.

બીજી તરફ, રાજકીય અને સામાજિક ગતિવિધિઓ વચ્ચે શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આપેલા રાજીનામા બાદ દેશનું રાજકારણ વધુ ગરમાયું છે. શૈક્ષણિક ક્ષેત્રે ચાલી રહેલા વિવાદો અને વિરોધ વચ્ચે આ નિર્ણય લોકશાહી અને વહીવટી પ્રક્રિયાનો એક ભાગ હોઈ શકે છે, પરંતુ તેનાથી વિરોધીઓના હોસલા વધી ગયા હોય તેમ લાગે છે. આ રાજીનામા પછી અભિજીત દીપકે જેવા તત્વોની પ્રતિક્રિયાઓ અને તેમનું વલણ જોઈને સાફ દેખાય છે કે હવે તેમને અને તેમના મળતિયાઓને એવો ભ્રમ કે આત્મવિશ્વાસ થઈ ગયો છે કે તેઓ સરકાર પર દબાણ લાવીને પોતાની કોઈપણ અયોગ્ય માંગણીઓ મનાવી શકે છે.

**સમય સંદેશ સ્પેશિયલ**

જો આ જ રીતે ચાલે અને સરકાર અરાજક તત્વો તથા ઉપદ્રવીઓ સામે ઝૂકી જાય કે નતમસ્તક થઈ જાય, તો પછી દેશની સંસદીય પ્રણાલી અને બંધારણનો અર્થ શું રહે છે? લોકશાહીમાં નિર્ણયો સંસદમાં ચર્ચા અને મતદાન દ્વારા લેવાવાના હોય છે, સડકો પર હિંસા કરીને નહીં. જો તમામ નિર્ણયો સડક ઉપર જ હિંસા, તોડફોડ અને દબાણના આધારે જ થવાના હોય, તો પછી દેશની સામાન્ય જનતા દ્વારા ચૂંટાયેલા સાંસદોની શું જરૂર છે? જો આંદોલનકારીઓ જ દેશની નીતિઓ નક્કી કરવાના હોય, તો લોકસભાની ચૂંટણીઓ યોજવાનો કે અબજો રૂપિયાનો ખર્ચ કરવાનો કોઈ અર્થ જ સરતો નથી.

હવે દેશના દરેક જાગૃત નાગરિકે આ કડવી વાસ્તવિકતા સમજવી પડશે. આંદોલનોના નામે દેશ વિરુદ્ધ જે ષડયંત્ર રચાઈ રહ્યું છે તે દેશની એકતા અને અખંડિતતા માટે ઘાતક છે. નાગરિકોએ એ ઓળખવું પડશે કે આ તમામ ગતિવિધિઓ દેશહિતમાં નથી પરંતુ વિદેશી ફંડિંગ અને વિદેશી તાકાતોના ઈશારે દેશને નબળો પાડવા માટે ચલાવવામાં આવી રહી છે. આ ભયાનક સ્થિતિને નાથવા માટે સરકારે હવે અત્યંત સખત પગલાં લેવાનો સમય આવી ગયો છે. વિદેશી ફંડિંગ આધારિત સંસ્થાઓ, એનજીઓ અને વ્યક્તિઓ પર કડક નજર રાખવા અને તેના પર સંપૂર્ણ રોક લગાવવા માટે સરકારે 'ફોરેન ફન્ડિંગ' સામેનું અત્યાર સુધીનું સૌથી કડકમાં કડક બિલ લાવવું જ પડશે.

અનુ પાના નં.૨ પર

# વિદ્યાર્થી આંદોલન આગળ ભાજપ સરકાર ઝૂકીઃ કેન્ડલ માર્ચ બાદ જામનગર કોંગ્રેસે 'વિક્ટરી માર્ચ' યોજી ઉજવણી કરી

### દિલ્હીમાં પોલીસ દમન સામે વિરોધ નોંધાવ્યા બાદ શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને કોંગ્રેસે વિદ્યાર્થીઓની જીત ગણાવી; કેસ વાપસી અને વળતરની માંગ યથાવત







તસવીરઃ હિરેન ગાંધી


**સમય સંદેશઃ જામનગર**

દિલ્હીના જંતર-મંતર ખાતે પોતાની વાજબી માંગણીઓ સાથે છેલ્લા ૨૮ દિવસથી આંદોલન ચલાવી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જ અને દમનના વિરોધમાં જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પહેલા ટાઉન હોલ સ્થિત કાર્યાલય ખાતે વિશાળ 'કેન્ડલ માર્ચ' યોજીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જોકે, વિદ્યાર્થીઓના સતત સંઘર્ષ સામે આખરે કેન્દ્ર સરકારને ઝૂકવું પડ્યું છે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપતાં જામનગર કોંગ્રેસ દ્વારા ઉત્સાહભેર 'વિક્ટરી માર્ચ' (વિજય રેલી) યોજીને આ જીતને વધાવવામાં આવી હતી.

આ વિજય માર્ચ શહેર કોંગ્રેસ કાર્યાલયથી શરૂ થઈને લાલ બંગલા સર્કલ ખાતે આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી કાઢવામાં આવી હતી. જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજાની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સંગઠનના આગેવાનો અને કોર્પોરેટરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રમુખશ્રી દિગુભા જાડેજા અને કોંગ્રેસ નેતાઓએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે,

અનુ પાના નં.૨ પર

# ટેભડા ગામે વીજ કરંટથી બે બળદના કરૂણ મોતઃ લાલપુરમાં મેન સર્વિસ ફોલ્ટ વાયર બન્યો અકસ્માતનું કારણ



**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના ટેભડા ગામમાં વીજ કરંટ લાગવાથી બે બળદના ઘટનાસ્થળે જ મોત થયા છે. આ ઘટના મેન સર્વિસ ફોલ્ટ વાયરમાં કરંટ ઉતરવાને કારણે બની હતી. મળતી માહિતી મુજબ, ગામમાં વીજ વાયરમાં ફોલ્ટ સર્જાયો હતો, જેના કારણે વાયરમાં કરંટ ફેલાયો હતો. આ કરંટગ્રસ્ત વાયરના સંપર્કમાં આવતા બંને બળદને ગંભીર વીજ આંચકો લાગ્યો હતો અને તેમનું તરત જ મૃત્યુ થયું હતું.

# જામનગરમાં મનપાની ટીમે જર્જરિત દીવાલનો બાકીનો ભાગ દૂર કર્યોઃ દીવાલ ધરાશાયી પાર્ક કરેલી કારમાં નુકસાન


**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના અતિ પોશ ગણાતા જોગર્સ પાર્ક વિસ્તાર નજીક એક અકસ્માત સર્જાયો હતો. જ્યાં આવેલી એક કમ્પાઉન્ડ વોલનો મોટો ભાગ અચાનક ધરાશાયી થઈ પડ્યો હતો. અંદાજે ૧૫ ફૂટ લાંબી અને સાત ફૂટ જેટલી ઊંચી દીવાલનો ભાગ અચાનક તૂટી પડતાં નીચે પાર્ક કરેલી એક કાર પર તેનો મોટો કાટમાળ પડ્યો હતો. આ ઘટનાના કારણે કારમાં નુકશાન થયું હતું.

જે સમયે દીવાલ ધરાશાયી થઈ ત્યારે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાના કારણે મોટી જાનહાની ટળી હતી અને લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ જામનગર મહાનગર પાલિકા (મનપા)ની એસ્ટેટ શાખાનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ટીમ દ્વારા રસ્તા પરથી કાટમાળ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને દીવાલના બાકી રહેલા જર્જરિત તથા ભયજનક ભાગને પણ સલામતીના ભાગરૂપે દૂર કરવામાં આવ્યો હતો.

ચોમાસામાં દર વર્ષે મકાનની છત તેમજ રવેશના ભાગો ધરાશાયી થવાના તેમજ સાધના કોલોનીમાં બ્લોક ધરાશાયી થયાના બનાવો બનતા રહે છે. જેમાં લોકો ભોગ બનતા રહે છે. હાલ પણ શહેરમાં ૩૦૦થી વધુ ઈમારતો જર્જરિત અને ભયજનક છે.

# પીપરટોડા નજીક ખાનગી કંપનીનું સિગ્મેટ ભરેલું ટ્રેલર પલટ્યું, જાનહાનિ ટળી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર-સમાણા હાઇવે પર પીપરટોડા ગામ નજીક સુજલોન કંપનીના પવનચક્કી પ્રોજેક્ટ માટે સિગ્મેટ (ભારે સાધનસામગ્રી) ભરેલું એક ટ્રેલર અકસ્માતનો ભોગ બન્યું હતું. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

અનુ પાના નં.૨ પર




અત્યાધુનિક પ્રિન્ટિંગ મશીન

સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600


PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com